# જાજરમાન જાનદાર જનકવિ: પ્રિય આનંદ બક્ષી

## સંગત સિતારોં કી

★ સંજય છેલ

અફકોર્સ, માન્યું કે આનંદ બક્ષી ગંભીર હિન્દી-ઉર્દૂના ક્લાસિક શાયર નહોતા. મજરૂહ-સાહિર જેવા સિનીયર ગીતકારો એમને ટોણાં પણ મારતા કે 'બક્ષી, ગાને અચ્છે લિખતે હો, પર શાયર થોડે હી હો?'

એનો જવાબ બક્ષીએ 'બોબી' ફિલ્મમાં 'મૈં શાયર તો નહીં' ગીતનું મુખડું લખીને આપેલો ને પછી જ્યારે ગીતકાર-શાયર બંને રીતે હિટ થયા ત્યારે એમણે જ 'કર્ઝ'માં 'પહેલે તો મૈં શાયર થા, આશિક બનાયા આપને...' લખ્યું.

૧૯૯૧માં ૨૨ વરસે હું નિર્દેશક રમેશ તલવારનો ચોથો આસિસ્ટન્ટ હતો ત્યારે ફિલ્મ 'સાહિબા' વખતે પહેલીવાર ધી આનંદ બક્ષીને પહેલીવાર જોયા. એ ફિલ્મમાં ઋષિ કપૂર એક અનાથ ઘેંટા-બકરા ચરાવતો પહાડી યુવાન છે અને વાંસળીનો શોખીન છે. શિવ-હરિની ટીપિકલ પહાડી લોકગીતની ધૂન પર પાંચ જ મિનિટમાં બક્ષીજીએ ગીત લખ્યું- 'બાંસુરી યે બાંસુરી નહીં, બાંસુરી યે હૈ મેરી ઝિંદગી' રેકોર્ડિંગ વખતે મને યાદ આવ્યું કે ઋષિ કપૂર 'અનાથ' છે ને અવાવરુ મંદિરમાં રહે છે. એ પણ ગીતમાં એસ્ટાબ્લિશ કરવાનું હતું પણ રહી ગયેલું. બીતાં બીતાં મેં ડાયરેક્ટરને વાત કહી. એમણે મને ધમકાવ્યો. 'છેક હવે કહે છે? ચૂપ રહ!' આનો અણસાર આનંદ બક્ષીને આવતા જ કહ્યું, 'નહીં! રેકોર્ડિંગ રોકો, કુછ કરતા હું...' બક્ષીજી મને બાજુની રૂમમાં લઈ ગયા, પોતાની અદામાં બે આંગળી વચ્ચે સિગરેટ સળગાવીને કહ્યું- 'લિખો! 'આઈ નહીં કભી કોઇ ચિઠ્ઠી મેરે નામ કી!' હું અવાક કે સિચ્યુએશન પર આટલી ઉંડી લાઈન માત્ર 20 જ સેકંડમાં? મેં અનેક ગીતકારો સાથે કામ કર્યું છે પણ આનંદ બક્ષી જેટલા સરળતા ને ફિલ્મી સિચ્યુએશનને સમજીને 'શીઘ્ર કવિતા' રચનાર બીજા કોઈ જોયા નથી.

બક્ષીજીના સદાબહાર ગીતોનાં કમાલ વિશે લોકોએ ખૂબ લખ્યું છે પણ મારું સૌભાગ્ય છે કે ત્રણેક ફિલ્મોમાં બક્ષીજીની સાથે કામ કરવા મળ્યું ને પછી તો અનેક સાંજો સાથે ગાળી. બક્ષીજીને સિચ્યુએશન કહો એટલે થોડીવાર બાજુના રૂમમાં જાય, એક મોટો ચોપડો ખોલે ને કંઈક લખી આવે. પછી કોઈ શહેનશાહ ઐલાન કરતા હોય એમ કહે- 'લિખો' અને ગીત લખાવડાવે, (બક્ષી ઉર્દૂમાં લખતા ને અસિસ્ટન્ટને હિન્દીમાં ઉતરાવતા) ફરી પોતાનું ગીત સાંભળે, સુધારા-વધારા કરે ને ૧૫ મિનીટમાં ગીત તૈયાર. ત્યારે અસલમાં હું ગીતકાર તરીકે સંઘર્ષ કરતો ને પછી તો ૫૦-૬૦ ગીતો પણ લખ્યા છે. તો બક્ષીજીએ મને શીખવેલું કે નિર્દેશક-સંગીતકારને ૧૦-૧૨ અંતરા આપીને એટલા બધા વિકલ્પ આપવાના કે ચર્ચા જ ના કરે. એકવાર મેં પૂછ્યું કે તમે બાજુની રૂમમાંથી ચોપડો લાવીને જુઓ છો એમાં શું છે? બક્ષીએ કહ્યું, 'યે મેરા રિયાઝ હૈ. મૈંને ૧૦૦૦-૨૦૦૦ રદિફ-કાફિયા (પ્રાસ-અનુપ્રાસ)ના શબ્દો લખી રખ્યા છે. જેમકે- રાસ્તે-વાસ્તે, વગેર વગેરે. લખવામાં જ્યારે અટકી જાઉં તો મને એમાંથી રસ્તો મળે!

પછી ૧૯૯૪માં આશુતોષ ગોવારીકરની પહેલી ફિલ્મ 'પહેલા નશા'માં હું લખતો હતો ને બક્ષીજી ગીતો લખતા. મારા મિત્રો નીરજ વોરા-ઉત્તંક વોરાનું સંગીત. એમનાં ગીતોની ધૂન પર ડમી-લિરિક્સ એટલે કે 'કામચલાઉ શબ્દો' મેં લખેલા પણ એ જ ગીતોને બક્ષીજી જે રીતે ઉઠાવ આપતા એ જોઈને રીતસર હાથ જોડાઈ જાય.

એમાં ફિલ્મોમાં સ્ટ્રગલ કરતા છોકરા દીપક તીજોરીનું એક ગીત હતું. મેં કાચા ડ્રાફ્ટ તરીકે લખેલું, 'યારો.. મૈં બન ગયા સુપરસ્ટાર' તો બક્ષીજીએ સુધાર્યું, 'સુપર-સ્ટાર' બાદ મેં બનતા હૈં, પહેલે 'ફિલ્મ-સ્ટાર' બનના પડતા હૈ- તો બન ગયા ફિલ્મ સ્ટાર આવે. વળી એમણે બોલિવૂડમાં નસીબ કે લક-ફેક્ટરની સમજાવેલું કે એમણે પોતે સફળતા પહેલાં ૧૫ વર્ષ કારમી ગરીબી, નિષ્ફળતા, કેટકેટલાં અપમાનો સહન કરેલા...ને પછી એક પંક્તિ લખાવી:

"યે નસીબ ક્યા હૈ,  
એક લોટરી હૈ,  
હાથ મૈં ના આયે  
ઐસી છોકરી હૈ."

આમાં સરળતા પણ છે, મસ્તી પણ. સો વરસના બોલતી ફિલ્મના ઈતિહાસમાં જો કોઈ પાત્રની ભાષા-બોલીને વફાદાર રહીને ગીત લખી શક્યા હોય તો એ ગીતકાર એટલે એકમાત્ર- 'આનંદ બક્ષી'. દુશ્મન' ફિલ્મમાં એક ટ્રક ડ્રાઈવરની નજરે સ્ત્રીના સૌંદર્યની વ્યાખ્યા કરતી લાઈન "તેરી યે ઝુલ્ફ હૈ યા સડક કા મોડ હૈ યે?" રાજેશ ખન્નાના અલ્લડ ડ્રાઈવરની જુબાન સાથે કેટલું પરફેક્ટ છે? વળી બક્ષીજીના "કુછ તો લોગ કહેંગે" કે "પબ્લિક હૈ યે સબ જાનતી હૈ" જેવા ગીતો આજે કહેવત જેવા બન. ગયા છે. જગતનાં ઈતિહાસમાં ૩૫૦૦ થી વધુ ગીતો, આટઆટલી વેરાયટી સાથે બીજા કોઈ ગીતકારે લખ્યા નથી. રોમાંસ, વિરહ, દુ:ખ, દોસ્તી સાથે હાસ્ય પણ ગીતમાં લાવનાર એક આનંદ બક્ષી ને બીજા મજરૂહ સુલ્તાનપુરી. આ બંનેએ ગીતોમાં હાસ્ય લાવવાનું ખુબ અઘરું કામ કરી બતાવ્યું.

મજરૂહને બક્ષી વચ્ચે હંમેશા મીઠી ઈર્ષ્યા ને નોંકઝોંક ચાલ્યા કરે. એકવાર જતીન-લલિતના મ્યુઝિક-રૂમ પર મજરૂહજી જતા હતાં ને બક્ષી પ્રવેશ્યા. બક્ષીજીએ મજરૂહજીને મસ્તીમાં કહ્યું, "ક્યા અંકલ, અભી ભી ઈસ ઉમ્ર મેં જવાની કે ગાને કૈસે લિખ લેતે હો? ક્યા દવાઈ લેતે હો?"(મજરૂહ પોતે યુનાની ડો. કે હકીમ હતા.) પણ મજરૂહને બક્ષીની વાતનો ટોન ગમ્યો નહીં એટલે ભડક્યા, "બક્ષી, યે મત ભૂલો હમ તુમ્હારે 'ઝેહની બાપ 'હૈ' એટલે કે માનસ પિતા કે 'તારી કળામાં હું તારો બાપ છું." બક્ષીજી તરત જ મજરૂહજીના પગે પડ્યા ને કહ્યું, "આપ સચમુચ મેરે બાપ હૈ...આશીર્વાદ દીજીયે." પછી બેઉ ભેટી પડ્યા. આવી દિલદારી, આવી ખાનદાની ને ખેલદિલી એ જમનામાં હતી. 'પહેલા નશા, પહેલા ખુમાર' ગીત સાંભળીને બક્ષીજીએ મજરૂહને ૧ કલાક ફોન પર તારિફ કરેલી.

એ જ રીતે સુજાતા ફિલ્મમાં "જલતેં હૈં જિસ કે લિયે, તેરી આંખો કે દિયે" ગીત સાંભળીને શૈલેન્દ્રએ પણ મજરૂહને ૨ કલાક ફોન પર શાબાશી આપેલી. મજરૂહ, શૈલેંદ્ર અને આનંદ બક્ષી ખૂબ મોટી રેંજવાળા જનકવિઓ હતા. તો સહિર, શકીલ, ગુલઝાર,

**'બોબી' ફિલ્મમાં 'મૈં શાયર તો નહીં' ગીતનું મુખડું લખીને આપેલો ને પછી જ્યારે ગીતકાર-શાયર બંને રીતે હિટ થયા ત્યારે એમણે જ 'કર્ઝ'માં 'પહેલે તો મૈં શાયર થા, આશિક બનાયા આપને...'**

જાવેદ, જાંનિસાર, કૈફી જેવા શાયરોએ ઊંડાણવાળા ગીતો આપ્યા છે. પણ મજરૂહજી, હંમેશા બક્ષીને કહેતા કે "યે ગુલઝાર શાયરી મેં બર્તન, ચદ્દર જૈસે લફ્ઝ (શબ્દ) લે આયા...અભી ક્યા ગદ્દી, તકિયા, કારપેટ પર ભી લિખેંગે?" પણ ત્રણેયને એકમેક માટે એટલો જ આદર. આનંદ બક્ષી કહેતા, "વો ગાના, ગાના ક્યા જો મેરી દેશ કી મિટ્ટી મેં હલ જોતતા હુઆ કિસાન ના સમજ સકે?" "પલકો કે નશેમન તક' કિતને સમઝેંગે?" પણ એ જ ગુલઝારે, બક્ષીને અંજલિ આપતા લખેલું- "બક્ષીજી બહુત કમાલકે ગીતકાર, 'રોબોસ્ટ'શાયર થે...ઔર હમ દોનોં કે ડોક્ટર ભી એક થે તો હમ વહીં પર એક્દૂજે કે દિલ કા હાલ સુન લેતે થે" જાવેદ અખ્તરે એકવાર પાર્ટીમાં અમારી સામે કહેલું કે "ઝિંદગી કે સફરમેં ગુઝર જાતે હૈં જો મકામ.."એ ગીત જે પેનથી બક્ષીજી એ લખેલું, બસ એ પેન મને મળી જાય તો માથે ચઢાવું. "યહાં મૈં અજનબી હું" થી "સડકમેં એક મોડ આયા, મૈં ઉત્થે દિલ છોડ આયા"જેવા અનેક અદ્ભૂત ગીતો રચનારા બક્ષીની બે દિવસ પહેલા પુણ્યતિથિ ગઈ, અમરપ્રેમના ગીતકાર કદી મરે નહીં અમર થઈ જાય.

"કુછ લોગ એક રોઝ જો ગુઝર જાતે હૈ, વો હઝારોં કે આને સે મિલતે નહીં.



# રેલવેનું ૨૦૨૬નું 'ઉનાળુ ટાઈમટેબલ'

## કન્ફર્મ ટિકિટ એટલે મોક્ષની પ્રાપ્તિ, બાકી બધું તો 'વેઈટિંગ'માં જ છે!




## લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

ભારતીય મધ્યમ વર્ગ માટે ઉનાળો એટલે માત્ર કેરીની સીઝન કે વેકેશન નથી પણ ભારતીય રેલવેની આઈઆરસીટીસી વેબસાઈટ પર નસીબ અજમાવવાનો 'મહાકુંભ' છે. વર્ષ ૨૦૨૬ આવી ગયું છે, ડિજિટલ ઈન્ડિયાના ડંકા વાગી રહ્યા છે પણ રેલવેની ટિકિટ કન્ફર્મ થવી એ આજે પણ 'હિમાલય ચઢવા' કે 'લોટરી લાગવા' જેટલું જ અશક્ય કામ લાગે છે. તાજેતરમાં રેલવેએ ૨૦૨૬નું 'સમર સ્પેશ્યલ ટાઈમટેબલ' જાહેર કર્યું છે, જે વાંચીને મુસાફરોને ઠંડકને બદલે પરસેવો વળી ગયો છે.

રેલવેના વેઈટિંગ લિસ્ટમાં હોવું એ એક પ્રકારની આધ્યાત્મિક સાધના છે. તમે ટિકિટ બુક કરો ત્યારે નંબર હોય 'WL 450'. પછી રોજ સવારે ઊઠીને તમે મોબાઈલમાં સ્ટેટસ ચેક કરો. બે દિવસ પછી તે 'WL 448' થાય, ત્યારે જે આનંદ મળે છે ને, તે કદાચ હિમાલયમાં બેઠેલા સાધુને પણ નહીં મળતો હોય.

આ ૨૦૨૬નું ટાઈમટેબલ કહે છે કે અમે 'સ્પેશ્યલ ટ્રેનો' દોડાવીશું પણ આ ટ્રેનો એટલી 'સ્પેશ્યલ' હોય છે કે તે ક્યારેય ટાઈમ પર આવતી નથી. તે મુસાફરોને ટ્રેન નહીં પણ જીવનના પાઠ ભણાવે છે, ધૈર્ય રાખવાના પાઠ! જો તમારું વેઈટિંગ લિસ્ટ 500ની ઉપર હોય તો રેલવે તમને પરોક્ષ રીતે એવું સમજાવવા માગે છે કે, બેટા, ઘરે જ રહો, આ માયાજાળમાં ક્યાં પડો છો?

૨૦૨૬માં હવે રેલવેમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ વધી ગયો છે. વેબસાઈટ પર લખેલું આવે છે- તમારી ટિકિટ કન્ફર્મ થવાની શક્યતા ૭૮% છે. આ ૭૮% એટલે પેલું મૃગજળ જેવું છે. હરણને લાગે કે આગળ પાણી છે પણ નજીક જાય તો રેતી જ હોય. મુસાફરને લાગે કે ૭૮% એટલે તો કન્ફર્મ થઈ જ જશે પણ છેલ્લે જ્યારે ચાર્ટ બને ત્યારે ખબર પડે કે નસીબમાં તો હજુ પણ 'સીટ શેરિંગ' (RAC) જ લખાયેલું છે.

રેલવેના આ હાઈ-ટેક આંકડાશાસ્ત્રમાં એટલી તાકાત છે કે તે ગણિતના નિષ્ણાતોને પણ પાગલ કરી શકે. તમે ૧૨૦ દિવસ પહેલાં ટિકિટ બુક કરાવો તો પણ વેઈટિંગ મળે અને

**ડિજિટલ ઈન્ડિયાના ડંકા વાગી રહ્યા છે, પણ... રેલવેની ટિકિટ કન્ફર્મ થવી એ 'એવરેસ્ટ સર કરવા' કે 'લોટરી લાગવા' જેટલું જ અશક્ય!**

પેલો તત્કાલવાળો એજન્ટ બે મિનિટમાં કન્ફર્મ ટિકિટ લઈ આવે! આ કયું વિજ્ઞાન છે, તે આજ સુધી કોઈ શોધી શક્યું નથી. કદાચ આને જ 'ચમત્કાર' કહેવાય છે.

સવારે ૧૦ કે ૧૧ વાગ્યે તત્કાલ બુકિંગ શરૂ થાય ત્યારે આખું ભારત એકસાથે 'રિફ્રેશ' બટન દબાવે છે. એ બે મિનિટમાં ઈન્ટરનેટની ગતિ જો પાંચ જી (5G)માંથી અચાનક શૂન્ય થઈ જાય તો સમજી લેવું કે તમારી યાત્રા પર પ્રભુએ પૂર્ણવિરામ મૂકી દીધું છે.

તત્કાલ બુકિંગ એ ૨૦૨૬ની સૌથી મોટી 'સ્પોર્ટ્સ' છે. તેમાં એ જ જીતે છે જેના હાથ વીજળીની ગતિએ ચાલતા હોય અને જેનું બેંક OTP સેકન્ડના સોમા ભાગમાં આવી જતું હોય. જો તમારી આંગળી જરા પણ થથરી, તો સમજી લો કે તમારે ઉનાળામાં એસી કોચનાં સપનાં છોડીને જનરલ ડબ્બામાં 'માનવ-કુસ્તી' કરવા તૈયાર રહેવું પડશે.

રેલવે દર વર્ષે ઉનાળામાં સેંકડો સ્પેશ્યલ ટ્રેનોની જાહેરાત કરે છે પણ આ ટ્રેનોનું નામ 'સ્પેશ્યલ' કેમ છે? કારણ કે તે સ્પેશ્યલ રીતે મોડી પડે છે. એક સામાન્ય ટ્રેન જો બે કલાક મોડી પડે તો સ્પેશિયલ ટ્રેન કહેશે, હું તો છ કલાક મોડી પડીશ, હું સ્પેશ્યલ છું ને!

આ ટ્રેનોના કોચ ઘણી વાર મ્યુઝિયમમાંથી લાવ્યા હોય તેવા લાગે છે. પંખા અવાજ કરતા હોય પણ હવા ન આપે અને બારીઓ એવી હોય કે કાં તો ખૂલે જ નહીં અથવા બંધ જ ન થાય. આ બધું રેલવે એટલા માટે કરે છે કે તમને ૧૯૯૦ના દાયકાની યાદ આવે અને તમને 'નોસ્ટાલ્જિયા'નો અનુભવ થાય. કેટલું વિચારે છે રેલવે આપણા માટે!

ઈસરો ભલે ચંદ્ર પર જવાની તૈયારી કરે પણ સાચું સ્પેસ સાયન્સ તો ભારતીય રેલવેના જનરલ ડબ્બામાં જોવા મળે છે. જે ડબ્બાની ક્ષમતા ૯૦ લોકોની હોય, તેમાં ૩૦૦ લોકો કેવી રીતે સમાઈ શકે, તેનું સંશોધન દુનિયાના કોઈ વૈજ્ઞાનિકો કરી શક્યા નથી. ૨૦૨૬માં પણ પરિસ્થિતિ એ જ છે. પગ રાખવાની જગ્યા ન હોય છતાં નવો મુસાફર અંદર આવીને એમ કહેશે કે, જરા ભાઈ, થોડું ખસો ને, બસ થોડી જ જગ્યા જોઈએ છે. અને તે 'થોડી જગ્યા'માં તે આખો પરિવાર સમાવી દેશે. આને કહેવાય ભારતીય મેનેજમેન્ટ સ્કિલ! જો તમે આમાં મુસાફરી કરી લીધી તો સમજો કે તમે જીવનના તમામ જંગ જીતી લીધા.

ઈન્ટરનેટ પર ઘણા એક્સપર્ટ્સ ફરે છે જે તમને 'ટિપ્સ' આપશે: આ સ્ટેશનથી બુક કરાવો તો જલ્દી થશે, વિકલ્પ સ્કીમ પસંદ કરો, મોડી રાત્રે ચેક કરો. આ બધી ટિપ્સ એટલી જ કામ કરે છે જેટલી વરસાદ લાવવા માટે કરાતી પૂજા-અર્ચના. ક્યારેક વરસાદ પડે પણ ખરો અને ક્યારેક ભયંકર દુષ્કાળ પડે.

રેલવેનું સર્વર ક્યારે ડાઉન થશે અને ક્યારે પેમેન્ટ થઈ ગયા પછી ટિકિટ 'ફેઈલ' થશે, તેની આગાહી તો અંબાલાલ પટેલ પણ ન કરી શકે. સાચો 'હેક' એક જ છે - તમારા ગ્રહો મજબૂત હોવા જોઈએ! જો શનિ-રાહુ નડતા હોય, તો આઈઆરસીટીસી પર ટિકિટ કન્ફર્મ થવી અશક્ય છે.

એક બાજુ વંદે ભારત અને બુલેટ ટ્રેનનાં સપનાં બતાવવામાં આવે છે, જેનું ભાડું સાંભળીને જ અડધો તાવ ઊતરી જાય છે. બીજી બાજુ સામાન્ય મુસાફર હજુ પણ એ જ 'વેઈટિંગ લિસ્ટ'ના નરકમાં સબડી રહ્યો છે. ૨૦૨૬માં પણ મધ્યમ વર્ગ માટે લક્ઝરી એટલે એ નથી કે ટ્રેનમાં વાઈફાઈ મળે પણ લક્ઝરી એટલે એ છે કે તેને બેસવા માટે એક આખી સીટ મળે!

ભારતીય રેલવેનું ૨૦૨૬નું સમર ટાઈમટેબલ એક સુંદર દસ્તાવેજ છે, જે આપણને યાદ અપાવે છે કે આપણે હજુ પણ ખૂબ જ ધૈર્યવાન પ્રજા છીએ. અમે રેલવેને વિનંતી કરીએ છીએ કે હવે ટિકિટ પર 'કન્ફર્મ' કે 'વેઈટિંગ' લખવાને બદલે 'નસીબદાર' કે 'દુર્ભાગ્યશાળી' લખવાનું શરૂ કરી દેવું જોઈએ. મુસાફરોને નમ્ર વિનંતી કે ઉનાળામાં યાત્રા કરવાનું વિચારી રહ્યા હો તો સાથે ગીતા કે પુરાણ રાખવા, જેથી વેઈટિંગ લિસ્ટ જોતી વખતે મન શાંત રહે અને હા, જો ટિકિટ કન્ફર્મ થઈ જાય, તો ઘરે સત્યનારાયણની કથા કરાવવાનું ભૂલતા નહીં કારણ કે ૨૦૨૬માં આ કોઈ ચમત્કારથી ઓછું નથી!

રેલવે મંત્રીશ્રી ભલે ટ્વિટર પર નવી ટ્રેનોના ફોટા મૂકે પણ સામાન્ય જનતા તો આજે પણ પેલી ૭૮% પ્રોબેબિલિટીવાળી સ્ક્રીન સામે આશા ભરી નજરે જોઈ રહી છે કે, કાલે સવારે કદાચ ચમત્કાર થશે અને મારું નામ ચાર્ટમાં હશે!




# સહસ્રનામ તત્તુલ્યં

## આંખની અટારી

★ હેમુ ભીખુ

એક મત પ્રમાણે શ્રીરામના જન્મ પહેલાં વાલ્મિકી ઋષિને રામાયણની પ્રતીતિ થઈ હતી. એ મત ને જો સાચો માનવામાં આવે તો "રામ" શબ્દનું અસ્તિત્વ શ્રીરામના જન્મ પહેલાનું છે તેમ કહેવાય. ઈતિહાસની ચર્ચામાં ઉતર્યા વગર પણ એમ કહી શકાય કે રામ-શબ્દ, રામ-મંત્ર, રામ-નામનું મહાત્મ્ય રામાયણ પહેલેથી સ્થાપિત થઈ ગયું હશે. સનાતની સંસ્કૃતિમાં રામ એ ૐ પછીનો સૌથી અગત્યનો મંત્ર ગણવામાં આવે છે.

'ૐ'ના ઉચ્ચારણનું એક વિજ્ઞાન છે. અહીં ઉચ્ચારણમાં ઉત્પન્ન થતા ચોક્કસ ધ્વનિને કંઠની અંદર રોકીને સતત પરાવર્તિત થયા કરે તેનું ધ્યાન રાખવાનું હોય છે. આનાથી જે તરંગો ઉદભવે તે સુષુમણા નાડીને



સ્પંદિત કરવા સમર્થ હોય છે. ૐનું ઉચ્ચારણ યોગીક ક્રિયાનો એક ભાગ છે. ૐ એ શબ્દ નથી, ચોક્કસ પ્રકારે પ્રયોજાયેલ ધ્વનિ તરંગોની વ્યવસ્થા છે. આ વ્યવસ્થાના પ્રયોજનથી ઉદ્ભવતી સંભાવના ચમત્કાર સર્જી શકે છે. ૐ ના ઉચ્ચારણથી અને રામ નામના ઉચ્ચારણથી ઉદ્ભવતા તરંગોમાં ખાસ સમાનતા છે. "રામ"ને "ૐ"ની સરળ બનાવેલ આવૃત્તિ સમાન ગણી શકાય. રામના ઉચ્ચારણમાં પણ "મ"થી ઉત્પન્ન થતા ધ્વનિને કંઠની અંદરના ભાગમાં સ્થાપિત કરીને તે ઘૂંટાય તેનું ધ્યાન રાખવાનું હોય છે. જેમ "ૐ" ચમત્કારિક પરિણામ આપી શકે તેમ "રામ" પણ તેવા જ પરિણામ આપી શકે. મને એ જણાવતા સંકોચ નહીં થાય કે, રામ નામના ઉચ્ચારણ વખતે જો જીભની વિશેષ સ્થિતિ જાળવવામાં આવે તો પરિણામ ઓછા સમયમાં પણ પ્રાપ્ત થઈ શકે - પણ આ માટેની પૂર્વભૂમિકામાં નિર્દોષતા જરૂરી છે.

સમજવાની વાત એ છે કે નારદ મુનિએ ધ્રુવને "ૐ નમો ભગવતે વાસુદેવાય" મંત્ર આપેલો જ્યારે વાલિયા લુંટારાને "રામ" જાપ માટે સૂચન કરેલું. આની પાછળ કોઈક મોટો ભેદ છુપાયેલો હોય. જ્યારે દુન્યવી બાબતોની પ્રાપ્તિની ઈચ્છા હોય ત્યારે કદાચ ધ્રુવને સૂચવાયેલ મંત્ર વધારે કારગત નિવડતો હશે. તે સ્વયમ વિષ્ણુનો મંત્ર હોવાથી તેનાથી મુક્તિ પણ મળે તે સ્વાભાવિક છે, પરંતુ પ્રાથમિક તબક્કામાં ઈચ્છિત ભૌતિકતાની પ્રાપ્તિ પણ થાય. નાના બાળક તરીકે ધ્રુવને એ પ્રકારની ઈચ્છા હોય એ સમજી શકાય. તેમાં પણ જ્યારે તેને ચોક્કસ પરિસ્થિતિમાં અપમાનિત થવું પડ્યું હોય અને તેની માતાને જે તે પ્રકારના કષ્ટ સહન કરવા પડ્યા હોય, તો પછી નાનકડો ધ્રુવ એ પ્રકારની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

વાલિયા લૂંટારા માટે તેમ ન હતું. તેની સમજ પ્રમાણે તે સ્વયં ભૌતિક બાબતો "લૂંટી"લેવા સમર્થ હતો. અધર્મનું આચરણ કરીને પણ તે પોતાની ઈચ્છિત "ભૌતિક"બાબતો એકત્રિત કરી શકતો હતો. નારદ મુનિ મળ્યા તે સમયે તો તેને ન હતી "વરદાન"ની જરૂરિયાત કે ન હતી ભવિષ્યની "અસમર્થતા"ની ચિંતા. તે તો દુનિયાના સંબંધોની નિરર્થકતાની પ્રતીતિ થતા ગભરાઈ ગયો હતો. દુન્યવી સમીકરણોની યથાર્થ સ્થિતિ સમજાતા તેને ભૌતિક સંપન્નતાની નહીં પરંતુ જ્ઞાનની જરૂર હતી. તેથી અહીં એમ તો માની જ શકાય કે, જ્ઞાન - અંતર આત્માની સમજ માટે - આધ્યાત્મિકતાના માર્ગ પર પ્રસ્થાન માટે - સત્યની ખોજ કે પ્રતીતિ માટે રામ નામ અર્થાત રામ મંત્ર વાલિયા લૂંટારા માટે વધુ યોગ્ય હતો. સનાતની ઈતિહાસની આ એક સમજવા જેવી ઘટના છે.

શ્રી વિષ્ણુના સહસ્રનામના સ્થાને, સ્વયમ મહાદેવ મા પાર્વતીને, જ્યારે અનુકૂળતા ન હોય ત્યારે, "શ્રીરામ રામ રામેતિ રમે રામે મનોરમે; સહસ્રનામ તત્તુલ્યં રામનામ વરાનને"શ્લોક બોલવા માટે કહે છે. તેમના જણાવ્યા પ્રમાણે વિષ્ણુ ભગવાનના હજાર નામ લેવાથી જે ફળ પ્રાપ્ત થાય તે માત્ર એકવાર રામ નામ લેવાથી પણ પ્રાપ્ત થઈ શકે. શ્રીરામ અને રામ નામનું મહત્વ સમજવા માટે આનાથી સચોટ ઘટના બીજી ન હોઈ શકે.

જો "રામ"ને મંત્ર તરીકે નહીં અને વ્યક્તિ તરીકે પૂજવામાં આવે તો પણ પરિણામ અદભુત હોઈ શકે. શિવ મહિમ્નમાં જણાવ્યા પ્રમાણે

**સમજવાની વાત એ છે કે નારદ મુનિએ ધ્રુવને "ૐ નમો ભગવતે વાસુદેવાય" મંત્ર આપેલો જ્યારે વાલિયા લુંટારાને "રામ" જાપ માટે સૂચન કરેલું. આની પાછળ કોઈક મોટો ભેદ છુપાયેલો હોય**

વ્યક્તિ પોતાની રુચિ પ્રમાણે આધ્યાત્મના જે તે માર્ગને અનુસરે છે. જ્યારે વ્યક્તિ શ્રીરામ પ્રત્યે સમર્પિત હોય, શ્રીરામની પૂજા-અર્ચનામાં મગ્ન રહેતો હોય, ત્યારે સ્વાભાવિક છે કે તેની રુચિ શ્રીરામના સિદ્ધાંતો મુજબની હોય. તે પણ મર્યાદાની જાળવણી કરવા તત્પર હોય. તેનું જીવન આદર્શોને આધારિત હોય. વ્યક્તિગત ઈચ્છા કે લાભ સામે તે સમગ્રતાને વધુ મહત્વ આપતો હોય. સામાજિક ઉત્તરદાયિત્વ તથા નૈતિકતાનું તેના જીવનમાં ઊંચું સ્થાન હોય. તે નિર્દોષ હોય, તે નિસ્વાર્થ હોય, તે ન્યાયપ્રિય હોય અને તેનું જીવન સત્ય તેમજ ધર્મ આધારિત હોય. ગીતામાં ભક્તના જે લક્ષણો જણાવવામાં આવેલા છે તે બધા જ તેણે ધારણ કરેલા હોય અને તેથી તે ઈશ્વરને પ્રિય હોય. તેની મુક્તિ નક્કી હોય. અહીં શ્રીરામને ઈશ્વર તરીકે સ્થાપિત કરાયા ન હોય તો પણ આ જ પરિણામ આવે.

શ્રીરામમાં રહેલી આસ્થા સ્વાભાવિક છે. પ્રત્યેક વિપરીત પરિસ્થિતિમાં તેઓ આદર્શનું વહન કરે છે. એમના દ્વારા આચરવામાં આવેલો પ્રત્યેક સંહાર ધર્મની સ્થાપના માટે છે. સર્વજ્ઞ હોવા છતાં વશિષ્ઠ ઋષિ સાથે માનવ જાતના કલ્યાણ માટે પ્રશ્નોત્તરી કરે છે. સાથે સાથે વિશ્વામિત્ર ઋષિની આજ્ઞા પણ એટલી જ શ્રદ્ધાથી પાળે છે. સનાતની સંસ્કૃતિમાં વચનનું જે મહત્વ છે અને "વચન-સિદ્ધિ"નો સિદ્ધાંત છે તે તેમણે જીવીને બતાવ્યો છે. શબ્દો દ્વારા વિનંતી ન કરી શકે તેવી શીલા ને પણ પુનઃ અહલ્યામાં પ્રસ્થાપિત કરી છે. વર્ષોની ધીરજનું ફળ દર્શાવવા શબરીના એઠા બોર ખાધા છે. સ્વયંની લાગણીઓને ગૌણ ગણીને સામાજિક ભાવનાને મહત્વ આપ્યું છે. નીતિપૂર્વકની પરંપરા પાળવા માટે તેઓ વ્યક્તિગતાને સંપૂર્ણ રીતે નજર અંદાજ કરે છે. તેમના માહાત્મ્યનો વ્યાપ આ લેખમાં સમાવવો શક્ય નથી. આધારભૂત નિષ્પક્ષતા સમાન શ્રીરામનું સમગ્ર જીવન જાણે એક વિશાળ તપસ્યા છે. શ્રીરામ સાચા અર્થમાં મર્યાદા પુરુષોત્તમ છે.